**વંથલીના સીનીયર સીવીલ જજ અને ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ–મુ. વંથલી.**

**ફો.કેસ નં. ૫૯/૨૦૨૬.**

**આંક–૦૫**

શ્રી સ ર કા ર ...... **ફરીયાદી**

**વિરૂધ્ધ.**

બાનવભાઈ દુર્લભભાઈ સોલંકી
ઉ.વ. ૩૭, ધંધો–મજુરી.
રહે.શાપુર,તા.વંથલી. **......આરોપી**

**તહોમત** :– પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબ.

**–: ઠ રા વ :–**

**(૦૧)** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૯/૧૧/૨૫ ના કલાક ૧૯–૦૦ વાગ્યાના અરસામાં વંથલી પો.સ્ટે. પાસે જાહેરમાં ગે.કા.પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલ હાલતમાં ચલાવી આવી મળી આવી પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે.

**(૦૨)** સદર કામે આરોપીની આંક–૦૩ થી ગુન્હો કબુલાતની પુરસીસ આપેલ હોય અને આરોપીની આંક–૦૪ થી પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આં ક–૦૩ થી આરોપીએ આપેલ કબુલાત પુરસીસ અને આંક–૦૪ ની પ્લી ધ્યાને લેતાં આરોપીએ તેનાં વિરૂધ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીની કબુલાત સ્વેચ્છા પુર્વક હોય જે સ્વીકાર્ય છે અને આરોપીને સજા અંગે પુછતા જણાવે છે કે, તેમની સામેનો સદર ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલ કરે છે અને તેમના કુટબનું તેઓ માંડ માંડ પુરા કરે છે. તેઓ અન્ય ગુનામાં સંડોવાયેલા નથી. જેથી ન્યાયના હીતમાં દયા લાવવા અરજ કરેલ છે. પ્રોહી. એકટની કલમ–૬૬(૧) બી હેઠળ કેદની સજા અથવા રૂા.૨૦૦/– સુધીની દંડની શિક્ષા અથવા એ બં

ને પાત્ર થશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત ધ્યાને લેતાં તથા આરોપી વિરૂધ્ધ જે ગુન્હો છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર તથા આરોપીની સામાજીક સ્થિતી ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. પ્રોહી.એકટની કલમ–૬૬(૧ )બી કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ :–</u>**

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપી બાવનભાઈ દુર્લભભાઈ સોલંકી , રહે. વંથલી વાળાને પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ દંડ ભરવામાં કસુર થયે આરોપીને દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખઃ ૧૪ મી માહે–માર્ચ સને–૨૦૨૬ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મુ.વંથલી.
તા.૧૪/૦૩/૨૦૨૬

(અનુભવ પાંડે)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વંથલી.
Code No.GJ01133